વ્યાપારી જ્યોતિષ ભાવદર્શન માળા : પુસ્તક પહેલું

રૂ બજારની પારાશરી

લેખક

મનુભાઈ સુખલાલ શાહ

: પ્રાપ્તિસ્થાન :

વ્યાપારી જ્યોતિષ ભાવ દર્શનમાળા

તુળસીભુવન, પાર્લેશ્વરરોડ,
વિલેપાર્લે, મુંબઈ ૨૪

અર્પણ

જેઓ સહસ્ત્રાબ્દિ પૂર્વે જન્મ્યા અને જેમને [illegible] કાળ ધર્મ પામ્યા છતાં જ્યોતિષશાસ્ત્રના ઋષિ તરીકે અમરત્વ પામ્યા છે; જેઓ બાલ્યાવસ્થાથી સાધુ જીવન ગાળી દીર્ઘ તપશ્ચર્યાના પ્રભાવથી પોતાનાં જ્ઞાનચક્ષુ ખુલ્લાં કરવાને શક્તિમાન થયા છે અને તે દિવ્ય દૃષ્ટિથી પ્રાપ્ત થયેલું જ્ઞાન ફક્ત ૪૦ શ્લોકની કંડીકાઓમાં ભરી દીધું અને તે જનતા જનાર્દન આગળ લઘુ પારાશરી નામક પુસ્તકાકારે અર્પણ કર્યું જે અત્યારે પણ ઉપસ્થિત છે તે લઘુપારાશરી રૂપ માતાના ઉદરમાંથી આ લઘુપુસ્તક વિકસીત થયું હોવાથી તે પૂજ્ય પ્રાતઃ સ્મરણીય મહર્ષિ પારાશરજીના કોમળચરણે નત મસ્તકે અર્પણ કરીને કૃતકૃત્ય અનુભવું છું.

લેખક

આવતી કાલને અવશ્ય નિહાળી શકાય છે!

આપની આવતી કાલ કેવી જશે તે જાણવા માટે આપની સેવામાં અમે આ પુસ્તક રજૂ કર્યું છે. આશા છે કે આપને તે અવશ્ય પ્રકાશ આપશે.

કેટલીકવાર વ્યાપારનું જોખમ ખેડીને સુતેલા માણસ જાગે છે ત્યારે અચાનક તેજી કે મંદીના સમાચાર મળવાથી તેની બધી લાગણી–આશાઓ–ઉર્મીઓ વધી જાય છે. જ્યારે કેટલીકવાર એક ચીજના ભાવ વધે છે ત્યારે બીજી ચીજના ભાવ ઘટે છે. આ બધું કેવી રીતે બને છે તે જ્યોતિષશાસ્ત્રી જ કહી શકે છે. તેના અભ્યાસથી માણસ આવતી કાલને અવશ્ય નિહાળી શકે છે!

લેખક

આભાર દર્શન

શ્રીયુત મનુભાઈ પી. શુક્લે આ પુસ્તક નિઃસ્વાર્થ સેવાભાવે બારીકાઈથી તપાસી આપીને જે સલાહ સૂચન આપ્યાં છે તે મને ખૂબ ઉપયોગી નીવડ્યાં છે. આ માટે હું તેમનો અત્યંત આભારી છું

લેખક

પ્રાસંગિક

કેટલાક વખત પહેલાં હાથ પરથી કુંડલી માંડી આપનારા જ્યોતિષ વિદ્વાનનો મને ભેટો થયો. મેં તેમને વિનંતિ કરી કે આ જ્ઞાન જનહિતાર્થે જાહેરમાં મૂકો કે જેથી માણસોને જ્યોતિષ શાસ્ત્રમાં રસ અને વિશ્વાસ પેદા થાય. ઉપરાંત દેશ પરદેશમાં જ્યોતિષ શાસ્ત્રના ક્ષેત્રમાં હિંદનું નામ અમર થાય. પરંતુ અંગત લાભના લોભે આ વિદ્વાને તેને જાહેરમાં મૂકવાની ઘસીને નાં પાડી. મને તેમની આ વર્તણુકથી ઘૃણા ઉપજી. પરન્તુ બારીક વિચાર કરતાં હું પણ આ ઘૃણાને પાત્ર હતો તેમ લાગ્યું. કારણ હું પણ મારું જ્ઞાન છુપાવતો હતો. આથી ઘર આંગણેથી જ પ્રાયશ્ચિતની શુભ શરૂઆત કરવી જોઈએ એમ નક્કી કર્યું.

આજ સમયે સંવત ૨૦૦૩ના જન્મભૂમિ પંચાંગમાં હિંદી ગ્રેસની કુંડલી પરથી રૂ બજારના ભાવોની વધઘટ જાણવાની મતો આવી. આ કુંડલી કુંભના પાંચ અંશના લગ્નવાળી હતી.

આ વિગત પર ધ્યાન પડતાં મને પ્રાયશ્ચિત કરવાની આ તક મળી છે એમ મનમાં લાગ્યું. આથી મેં તરત જ જન્મભૂમિના પંચાંગ કાર્યાલયના વ્યવસ્થાપકોને પત્ર લખ્યો કે આપણા રૂ બજારના ભાવો એ જગતના રૂ બજારના ભાવો સાથે સંબંધ ધરાવે છે તે સ્પષ્ટ છે. જો તે આપણી કોંગ્રેસની કુંડલી પર આધાર રાખે તો પછી એમજ માનવું રહ્યુ કે આ કોંગ્રેસની કુંડલી અમેરિકા અને ઇજિપ્તના ભાવો પર પણ વર્ચસ્વ ધરાવે

કે ઉપરાંત ગ્રીસની જ્યોતિષ પહેલાં આપણે ત્યાં ૩ અંતર જેવું કર્યું હતું જ નહિ અને તેના પર આપણા પૂર્વાચાર્યોએ કંઈ જ વિચાર કર્યો નથી એમ માનવું યોગ્ય નથી. આવા લેખોને આપ જેવા અર્વાચીન પંચાંગકારો સ્થાન આપો તે પણ એક નવાઈ ભરેલી વાત છે. આપને જોઈએ તો હું આ બાબતમાં પ્રકાશ પાડવા તૈયાર છું. આપ કહો તો મહર્ષિ પારાશરે રચેલી લઘુ પારાશરી પરથી મેં શોધેલી ચાવીઓ મોકલી આપું. આપ તેની પરીક્ષા કરો અને યોગ્ય લાગે તો જનતા સમક્ષ પણ મૂકો. મને આ માટે વાંધો નથી.

મારે કહેવું જોઈએ કે શ્રીયુત ઓઝાએ મારા આ પત્ર પર તરતજ લક્ષ આપ્યું અને જણાવ્યું કે આપનું ૩ અંતરના તેઉ મંત્રીના યોગોનું બધું સાહિત્ય મોકલી આપો. હું તે ઘણી ખુશીથી તપાસીશ. અને જો સાચું લાગશે તો આવતા ૨૦૦૫ ની સંવતના જન્મભૂમિ પંચાંગમાં જનતા સમક્ષ પણ અવશ્ય મૂકીશ. મેં આ તક ઝડપી લીધી અને સરવાળે તેમની કસોટીમાંથી પસાર થયો અને જન્મભૂમિના ૨૦૦૫ ના પંચાંગનાં પાનાં ૨૮ અને ૨૯ પર મારું નામ દેખાયું. મનમાં થયું કે પ્રાયશ્ચિત ઠીક થઈ ગયું છે!

પણ પંચાંગ મારફતે હું જનતા સમક્ષ પહોંચ્યો એટલે આના પર જનતાના તરફથી ધન્યવાદ સાથે પત્રોના વરસાદ વરસ્યો. સાર રૂપે દરેક માણસ સહેલાઈથી સમજી શકે તેવી રીતે આખી વસ્તુ જનતા સમક્ષ દાખલા દલીલ અને પુરાવા સાથે મુકાવી જોઈએ તેવી તેમની માંગણી હતી. કેટલીક ચાવીઓ ચાલુ બજારમાં મારી નામના તરત જ વધારી તે પણ આ માંગણીનું કારણ હતું. આ રીતે આ ‘વ્યાપારી જ્યોતિષ ભાવદર્શન માળા’નું સર્જન થયું.

આ માળાના પુસ્તકોની રચના સાદી અને સરળ રાખવામાં આવી છે. તેમાં કોઈપણ જગ્યાએ વાચકને સંશય થવા પણું રહેવું

નથી. ઉપરાંત જ્યોતિષનું પ્રાથમિક જરૂરી જ્ઞાન તેમાં ઘણીજ સહેલાઇથી કોઇપણ માણસ સમજી શકે એ રીતે આપેલું છે. આમાં ભાવોની વધઘટ કેવા ગ્રહયોગથી થાય છે, સટ્ટો ક્યારે જામે છે, ક્યારે નિષ્ફળ જાય છે તે બહુજ સચોટ રીતે સમજાવવામાં આવ્યું છે. મારી સહુ કોઇને નમ્ર વિનંતિ છે કે દરેકે આ પુસ્તકનો લાભ વહેલી તકે ઉઠાવવો.

આજકાલ બજારમાં મળતાં વ્યાપારી ભવિષ્યને લગતાં પુસ્તકો બિલકુલ અસંતોષકારક માલૂમ પડે છે. આનું કારણ લેખકનું અજ્ઞાન અને અંગ્રેજી પુસ્તકોનો તરજુમો કરી ધન કમાવાની લાલસા હોય છે. પરિણામે વ્યાપારીને તે લાભના બદલે ખોટના ખાડામાં ઉતારે છે અને જ્યોતિષ શાસ્ત્ર નિંદાને પાત્ર બને છે.

આપણે ત્યાં વ્યાપારી ભવિષ્ય જાણનારા કેટલાક બાહોશ વદ્વાનો છે ખરા પરન્તુ તેઓ પોતાનું જ્ઞાન પુસ્તકના સ્વરૂપમાં રજૂ કરતા અચકાય છે; કારણકે તેમ કરવા જતાં તેમની કમાણી ઘટી જવાનો ભય રહે છે. પરિણામ એ આવે છે કે તેઓ પોતાનું જ્ઞાન સાથેજ લઇને કાળ ધર્મને પામે છે અને જનતા તેના લાભ વગરની રહી જાય છે. આ રીતે મારો આ પ્રયત્ન સહુ કોઇ આવકારશે તેવી મારી ખાત્રી છે.

શ્રીયુત્ કાન્તિલાલ પરીખ પ્રકાશક ખરા પણ તે મારા તો મિત્ર જ છે. તેગના પર પૈસાની કમાણી કરતાં મિત્રતાના દબાણે ખૂબ અસર કરી અને આ પુસ્તકોને જીવંત સ્વરૂપ આપવાના પ્રયત્નો માત્ર પંદર દિવસમાં નક્કી થયા.

સાથે સાથે મારા આ પુસ્તક રચનાના કાર્યમાં ભાવો, ગ્રહો, વગેરેની ઝડપી વિગતો મેળવવામાં જન્મભૂમિ પંચાંગના ગણિત વિભાગના સંપાદક અને મુંબઇ એસ્ટ્રોલોજિકલ સોસાયટીના

મંત્રી શ્રીયુત અમૃતલાલ લક્ષ્મીચંદ શાહે મને જે ખડે પગે વળતી ટપાલે જવાબ આપીને મદદ કરી છે તે વસ્તુએ મારો ઉત્સાહ ચાલુ રાખવામાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. આથી હું તેમનો અહીં અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ સિવાય મારા મિત્રો શ્રીયુત રણછોડદાસ ઠાકોરદાસ કેળાંવાળા એમ. એ.; બી. ટી. અને હીરાલાલ ઉમિયાશંકર પંડયા આ પુસ્તક બહાર પડે કે તરત જ અંગ્રેજી અને હિંદીમાં ભાષાંતર કરી આપવાની રાહ જોઈ રહ્યા છે તેમનો પણ હું આભાર માનું છું. કારણકે આ પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર કરીને દેશ પરદેશમાં હિન્દના જ્યોતિષ શાસ્ત્રની નામના વધારવાની અમારી ખાસ ઈચ્છા છે.

આ પુસ્તક વાંચ્યા પછી અને સમજ્યા પછી અમેરિકન તેજી મંદી આના પરથી કાઢી શકાય કે નહિ તેનો ઘણાને વિચાર આવશે. અને તેઓ અમને પૂછશે પણ ખરા. આના જવાબમાં એમ છે કે અમેરિકન તેજી મંદી આ પુસ્તકમાં એકાદ બે ચાવીઓ ઉમેરવાથી અવશ્ય નીકળે છે. આના પર પણ એકાદ અધ્યાય લખી નાખવા મન થયેલું પરન્તુ સટ્ટાનું તત્ત્વ ખોટી રીતે વધી જાય તેમ ઈચ્છતો નહિ હોવાથી તે અધ્યાય અમે હાલ તરત તો આપવાનું માંડી વાળ્યું છે. જિજ્ઞાસુએ પોતે જાતે પ્રયત્ન કરી આટલું સંશોધન કરી લેવું.

હવે સાયનવાદી વિષે: આજકાલ અનેક જ્યોતિષીઓ આપણા ઋષિ મુનિઓએ મહાન તપશ્ચર્યા અને નિઃસ્વાર્થ સેવાના ધોરણે પોતાનાં દિવ્યજ્ઞાન અને શક્તિ વડે જે જ્યોતિષ શાસ્ત્ર રચ્યું છે તેની અવગણના કરી રહ્યા છે. અને તેને અવિશ્વાસપાત્ર ઠરાવી પશ્ચિમની સાયન પદ્ધતિ પર દોડવા લાગ્યા છે. પરિણામે આ જ્યોતિષીઓ એવી પરિસ્થિતિમાં મુકાયા છે કે તેમને

પોતાનેજ જ્યોતિષ શાસ્ત્ર પર શ્રદ્ધા ઊઠી ગયેલી માલુમ પડે છે અને સંશય મનધારી થયેલાં દેખાય છે; આથી સાયન પદ્ધતિમાં મુખ્ય દોષ થોડા શબ્દોમાં કહેવાની જરૂર છે.

સૂર્યમાળા ખસે છે પણ તે જ્યાં જાય છે ત્યાં પોતાના ગુરૂત્વાકર્ષણ સાથે જાય છે. નહિતર ગ્રહો સ્થાન ભ્રષ્ટ થઈ ગબડી પડવા જોઇએ. આથી પૃથ્વીતત્વ પર સૂર્યમાળા ખસવા છતાં સરખીજ અસર રહે છે

આ પુસ્તકમાં કેટલીક જગ્યાએ રહેલ એફેમરીને નિરયનમાં બદલીને અગર તો જન્મભૂમિના પંચાંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેથી ગ્રહ ગોચર તેના આધારે જોવું. અમારે કહેવું જોઇએ કે મહર્ષિ પારાશરના સિદ્ધાંત પ્રમાણે આ જ પંચાંગો ફળદાયી છે. અમે ખરેખર તેમના ઋણી છીએ.

છેવટે આ રૂ બજારની પારાશરી આજે પ્રગટ થાય છે. તે જાણીને આનંદ થાય છે. આવીજ રીતે હવે પછીનાં પુસ્તકો શેર ચિંતામણી, સુવર્ણ પારસમણી, ચાંદી કલ્પતરુ અને ભિયાં ભાવ પ્રકાશ થોડા સમયમાં બહાર પડી જશે એવી મારી ખાત્રી છે.

રતુભાઇ સુ. શાહ



पं. बाबूलाल जानकीलाल शर्मा "सुमन"

मंत्र शास्त्र विचारद. ज्योतिष रत्न

दि. सा. सुधाकर हिन्दू धर्म विचारद

सं. कोविद. जैन सि. भूषण.

ચેતવણી

રૂના વેપારીઓને જ્યોતિષનું સામાન્ય જ્ઞાન હોવું જ જોઇએ એમ હું દ્રઢતાપૂર્વક માનું છું કારણકે તે વગર આંધળો માણસ મુસાફરી કરવા નીકળ્યા બરાબર છે.

આ પુસ્તક એવી રીતે લખવામાં આવ્યું છે કે રૂનો કોઇપણ સામાન્ય વેપારી આ પુસ્તકને સહેલાઈથી સમજી શકે અને પોતાના ધંધામાં સામે આવતી તેજી મંદીને –લાભ નુકસાનને- જ્યોતિષ શાસ્ત્રની મદદથી અરીસાની માફક અગાઉથી પારખી શકે. રૂના વેપારીઓને મારી નમ્ર વિનંતિ છે કે તેમણે આ પુસ્તકનો અભ્યાસ કંટાળ્યા વિના કરવો અને તેનો ઉપયોગ છ માસ પછીજ કરવો. વહેલો ઉપયોગ કરવાથી અનેક ભૂલો થશે, નુકસાની આવશે, અને પુસ્તકના કાચા જ્ઞાનથી તેના પર કંટાળો આવશે.

વ્યાપાર વગરનો કે બંધ થવાનો નથી પણ તમારે અનુભવી બનવાની ખાસ આવશ્યકતા છે.

ઉપરોક્ત સૂચનાનો કડક રીતે અમલ કરશો.

આ પુસ્તક જે તે માણસોના હાથમાં મૂકતા પહેલાં સંપૂર્ણ વિચાર કરશો. કારણકે તે એક રસાયણ રૂપ છે. તેનો ઉપયોગ અજ્ઞાનીને ખાડામાં ધકેલી દેશે.

આજકાલ જ્યોતિષીઓના પાસેથી રૂનો લઇ કેટલાય ફસાયેલાના દાખલા શોધવા જવું પડે તેમ નથી. આથી જ્યોતિષ

શાસ્ત્ર પોતે દોષ પાત્ર નથી પરંતુ તેનું ખરું કારણ ચમકાવનારી જાહેરાતના જોરે ચાલતા નામધારી જ્યોતિષીઓ હોય છે. તેઓ પોતાનાં ગજવાં કેમ ભરવાં તેટલુંજ જાણતા હોય છે. ગ્રાહકોની તેમને પડીજ હોતી નથી. હું માનું છું કે મારા આ પુસ્તકના અભ્યાસથી મેળવેલું જ્ઞાન વેપારીઓને ખૂબ ઉપયોગી થશે. તેઓ નામધારી જ્યોતિષીઓના હાથે ફસાતા અટકશે અને પરિણામે તેમની સંખ્યામાં મોટો ઘટાડો થતાં જ્યોતિષ શાસ્ત્રની સત્યતા પર વિશ્વાસ પેદા થશે

નામધારી જ્યોતિષ શાસ્ત્રીઓના એકાદ બે રમુજી દાખલાઓ અત્રે ટાંકવાની જરૂર છે એટલી જ આશાથી કે તેઓ જગતની આંખમાં ધૂળ નાખી પોતાનો ધંધો કેવી અજાયબી વચ્ચે ચલાવતા હોય છે તેની જનતાને જાણ થાય.

થોડા વખત પર મને એક એવા જ્યોતિષ શાસ્ત્રી મળ્યા કે તેમને ગ્રહો શું છે, કુંડળી શું છે અને દૃષ્ટિ યુતિ પ્રતિયુતિના શા ભેદ છે તેનું કંઈ જ્ઞાનજ નહોતું! તેઓ માત્ર તિથિ વાર પર ગણત્રી કરી જાહેરાતો કરતા. ૫૦ ટકા સાચું અને ૫૦ ટકા ખોટું પડે એ હિસાબે તેમણે આપેલી જે રૂખો સાચી પડે તેને ભેગી કરી તેની ફરીવાર જાહેરાત પોતાની સચોટ રૂખને પૂરવાર કરતા. લોકો આ જાહેરાતથી આબાદ અંજાઈ જતા!!!

આવા જ એક બીજા જ્યોતિષ મહાશયને દીકરા થતા નહોતા. એ માટે મને તેમના જન્માક્ષર બતાવ્યા. આ બાબતમાં જ્યારે મેં શાસ્ત્રના આધાર સાથે તેમની સાથે વાતચીત કરવી શરૂ કરી ત્યારે તેઓ તરતજ બોલી ઊઠ્યા કે, 'મને માફ કરો! મને આપની આ બધી વાત જરાપણ સમજાતી જ નથી.' કહેવાની જરૂર નથી કે મારી આ વાત તદ્દન સાદી હતી. પરન્તુ આ ભાઈ પણ પોતાનું ટટ્ટુ ઉપલીજ રીતે કુદાવતા હતા. જનતાએ આમાંથી લેવા જેવા છે.

હવે તિથિ વાર અને ગ્રહના ભેદ વિષે :

કેટલાક જ્યોતિષીઓ તિથિ અને વાર પર ગણત્રી કરીને જ્યોતિષ શાસ્ત્રના નામે ગાડાં ગબડાવે છે. આથી હું આ સમયે વેપારીઓનું ધ્યાન ખેંચું છું કે તિથિવાર એ સૂર્ય ચંદ્રની વચ્ચેના અંતરનું ગણિત છે. અને એમાં પણ રાશિ મેળ હોતો નથી. તેમાં અન્ય ગ્રહો અને રાશિબળનો વિચાર કરવામાં આવતો નથી. આ એક મહાન ભૂલ છે. અમેરિકન ફ્રીચરના આંકડા શોધવા માટે જેમ તરેહ તરેહની સુગાઈ ભરેલી રીતો શોધી કાઢવામાં આવે છે તેના જેવો જ આ દાખલો પૂરો પાડે છે. તો આ વસ્તુ પર લક્ષ આપવું જરૂરી છે.

આવું જ કંઈક સર્વતોભદ્ર ચક્ર માટે છે. આની રચના અને તેનું ગણિત એવું વિચિત્ર છે કે તેમાંના ૯૯ ટકાના જ્યોતિષીઓ સમજ્યા વિના તેજી મંદી કાઢી વેપારીઓને આપે છે. અને પરિણામે લાભના બદલે નુકસાન કરે છે તો સર્વતોભદ્ર ચક્રના આધારે ચાલતા વેપારીઓને પણ હું આ તબક્કે ચેતાવું છું.

કેટલીક વાર વેપારીઓ મકરનો ગુરુ મંદી કરશે, મીનનો તેજી કરશે, મિથુનનો શનિ મંદી કરશે અને સિંહનો રાહુ કરશે એવી વાતો કરતા સાંભળવામાં આવે છે આ પણ મહાન અજ્ઞાન છે કારણકે કોઈ પણ લાંબા કે ટૂંકા ગાળાની તેજી મંદી શોધતી વખત સમગ્ર ગ્રહોની પરસ્પરની સ્થિતિ જોવાની હોય છે કોઈ એક જ ગ્રહ અમુક ફળ ઉપજાવે તેવું હોતું નથી.

આટલું સ્પષ્ટીકરણ કર્યા પછી હવે હું મારી પદ્ધતિના ગુણદોષ પર આવું છું. મારી પદ્ધતિ સર્વાંગ શાસ્ત્રીય છે તે શાસ્ત્રોના આધાર પર રચાયેલી છે. આ પદ્ધતિ ઘણા અભ્યાસ, વિચારો, અનુભવો, અને પ્રયોગોના અંતે વર્ષો પછી મહા મંથનને શોધેલી છે. 'ક્યાં કાયદા કોઈના' એ ન્યાયે આજે આ

સંશોધન ઘણું સામાન્ય લાગશે, પરન્તુ તે શોધની કિંમત તો કોઇ શોધક બુદ્ધિવાળો જ આંકી શકશે.

હવે આ પદ્ધતિથી નીકળતી તેજી મંદી પ્રમાણે ધંધો કરતાં પહેલાં આખીયે પદ્ધતિનો પૂરો અભ્યાસ કરી, એટલે કે આ પદ્ધતિ અનુસાર ભૂતકાળમાં થઇ ગયેલી વધઘટો તપાસી જઇ, તેમાં જૂદા જૂદા ગ્રહોની થયેલી અસરો તપાસી જઇ, પાકી સચોટ દ્રષ્ટિ મેળવી લીધા બાદ આ પદ્ધતિને ઉપયોગમાં લેવી. જ્યોતિષ શાસ્ત્રમાં જેટલી સહેલાઇથી ભવિષ્ય જાણી શકાય છે, તેટલી જ સહેલાઇથી તેમાં ભૂલો થવા પણ સંભવ છે. માટે ચોક્કસ દ્રષ્ટિ મેળવી લેવાની ખાસ જરૂર છે. ઓછા અનુભવના કારણે થતી ભૂલોથી ઘણી વખત ધંધો કરનારને નુકસાન સહન કરવું પડે છે અને પોતાની ભૂલને બદલે જ્યોતિષ શાસ્ત્ર દોષ પાત્ર ઠરે છે. માટે પૂરતા અભ્યાસ પછી ધંધો કરવાથી લાભ મેળવી શકાય છે. આ માટે હું ૭ માસની મર્યાદા મૂકું છું. એટલેકે ૭ માસ સુધી તેના જ્ઞાનનો કોઇએ ઉપયોગ કરવો નહિ. આ સમય દરસ્યાન તેના આધારે ચાલતું બજાર તપાસી અભ્યાસનું દ્રઢીકરણ કરવું. ઉપરોક્ત મર્યાદા સુજ્ઞ જયોતિષ શાસ્ત્રીઓએ પણ સ્વીકારવી, કારણ કે તેમના પૂર્વગ્રહો દૂર કરતાં આટલો સમય આવશ્ય લાગે છે.

ઉપરોકત સૂચનાનો ભંગ કરી કોઇ આગળ ચાલશે તો મારા માનવા પ્રમાણે તેને નુકસાન થશે, તેનું મગજ ભ્રમિત થઇ જશે, અને આ પુસ્તકનો લાભ લેવાને બદલે તે તેને બીન ઉપયોગી જણાતાં અનેક શ્રાપ સાથે ફેંકી દેવું પડશે.

આ પુસ્તકનું પૂરું જ્ઞાન મેળવ્યા પછી વેપારીઓને મારી ખાસ સૂચના છે કે તેમણે એકદમ કમાવાની ઉતાવળ કરવી નહિ. શક્તિથી વધારે જોખમ ખેડવું નહિ. વધારે લે વેચ કરવી પડે તો

કરવી. આમ કરવાથી ક્યારેક પોતાની દૃષ્ટિના દોષથી વિરુદ્ધ જતા બજારમાં તરત વેપાર કાપી નાખવાથી નાણાકીય શક્તિ જળવાઈ રહે છે. જ્યારે કેટલાક વેપારીઓ આવા પ્રસંગે પોતાનો વેપાર વધુ વખત ચાલુ રાખે છે અને પરિણામે ફસાય છે. તેમની નવ્વાણું વખતની શક્તિ અને કમાણી આવા એક પ્રસંગે ગુમાવી નાખે છે, આથી ઉપરના સિદ્ધાંતને બરાબર સમજી વ્યવહારમાં ઉતારવો.

ઉપરાંત પોતાના નસીબમાં લાભ છે કે નહિ તે પોતાના જન્માક્ષર પરથી જાણી લેવાની જરૂર છે. પોતાની કુંડળીમાં લાભયોગ હોય ત્યારે જ વેપારમાં કમાઈ શકાય છે. કારણકે—

વિશેષમાં તેમાં આવક ઓછામાં ઓછી અને કાળક્ષેપ વિશેષ હોય છે. ફક્ત કોઈ વખત સજ્જન અને સેવાભાવી પ્રકાશક મળી જાય અને પ્રૂફ તપાસવાં અને બીજી બાબતો પોતાના હાથે ઉપાડી લે છે તો જ બનવા પામે છે.

હજી આપણે ત્યાં પબ્લિશિંગ કંપનીઓ આ વિદ્યા તરફ બહુ સારી દૃષ્ટિથી જોતી નથી. આ કારણથી પણ લેખકોને પ્રોત્સાહન મળતું નથી. સાંપ્રતકાળમાં બજારમાં મળતાં પુસ્તકો આ વિષય પરત્વેનાં જે મળે છે તેમાં દરેકમાં ભાષાંતરની અક્ષમ્ય ભૂલો, એક બીજામાંથી બુદ્ધિ વગરની વસ્તુ ચોરી અને અનર્થ રૂપ અજ્ઞાન જ ભરેલું હોય છે. મેં અહીં રજૂ કરેલી પદ્ધતિ મારા પોતાની સ્વયંસ્ફુરણા રૂપે જ છે. તેમાં કોઇ ગ્રંથની-અર્વાચીન કે પ્રાચીન-વસ્તુની તફડંચી નથી. શ્રીમંતોએ સાંપ્રતકાળમાં સચેત બનવું જોઇએ અને સેવાભાવી સંશોધકવૃત્તિ ધરાવનાર જ્યોતિષ વર્ગને ઉત્તેજન આપવું જરૂરી છે એટલું જ નહિ પણ તે તેમના પોતાના જ હિતમાં છે.

પુસ્તક ખરીદનાર આ પુસ્તકમાં કોઇ ઠેકાણે ગુંચવાડો અનુભવે તો તેનો સ્પષ્ટ શબ્દમાં સારી ભાષામાં મારી પાસેથી ખુલાસો મેળવવાને હકદાર છે પત્રની સાથે જવાબની ટિકિટો મોકલવી આવશ્યક છે.

લેખક

❦

જેવા સંસારી માણસના હાથમાં તે વિદ્યા અધૂરીજ હોય તે સ્વાભાવિક છે છતાં ઇષ્ટ દેવની કૃપાથી અને પૂજ્ય મહર્ષિ પારાશરની આશિષથી હું આ જ્ઞાન યથા શકિત શુદ્ધ પણે સમજાવવાને કટીબદ્ધ થાઉં છું.

આ પુસ્તક રચવાનો હેતુ જ્યોતિષ શાસ્ત્રની સત્યતા પૂરવાર કરવાનો છે. મહર્ષિઓના કથન મુજબ જ્યોતિષ શાસ્ત્ર એક પવિત્ર શાસ્ત્ર છે. તેનો ઉપયોગ યોગ્ય અને લાયક માણસોજ કરી શકે. અત્યાર સુધી ખોટાં નામ ધારી જ્યોતિષી બની બેઠેલા પણ આ પુસ્તકના સંપર્કથી સત્ય વસ્તુ પામી શકશે અને જેમ હલકી ધાતુ પારસમણીના સ્પર્શથી શુદ્ધતા પામીને સુવર્ણમાં સારી રીતે ખપે છે તેમ પોતાની પામરતા દૂર કરીને સાચી વિદ્યા સંપાદન કરીને સુખી થશે, યશ, કીર્તિ અને અર્થ પ્રાપ્તિ અનુભવશે. અસ્તુ. ૐ શાંતિ શાંતિ શાંતિ

पं. बाबूलाल जानकीलाल शर्मा "सुमन"
[illegible] विशारद. ज्योतिष रत्न
वि. सा. सुधाकर हिन्दू धर्म विशारद
[illegible] भूषण

રાશિ જ્ઞાન

શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આકાશને બાર ભાગમાં વહેંચવામાં આવ્યું છે. આ દરેક ભાગને 'રાશિ' કહેવામાં આવે છે. આ બારેય રાશિનાં નામ અનુક્રમે નીચે મુજબ છે.

૧. મેષ	૪. કર્ક	૭. તુલા	૧૦. મકર
૨. વૃષભ	૫. સિંહ	૮. વૃશ્ચિક	૧૧. કુંભ
૩. મિથુન	૬. કન્યા	૯. ધન	૧૨ મીન

દરેક રાશિ ૩૦ અંશની ગણવામાં આવે છે. જે રીતે ૧૨ રાશિના ૩૬૦ અંશ થાય છે. અર્થાત આકાશના ગોળને ૩૬૦ અંશમાં વહેંચી નાખવામાં આવ્યો છે.

આ રાશિઓનાં જુદા જુદા સ્વભાવ હોય છે. આપણને રૂ બજાર માટે વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ આ ચાર રાશિઓ મૂળસંજ્ઞક હોવાથી ઘણી ઉપયોગી છે. તે રૂ બજાર પર કાબુ ધરાવે છે કારણકે તે મૂળ સંજ્ઞક છે; વનસ્પતિની કારક છે.

મિથુન, તુલા અને કુંભ રાશિ પણ રૂ બજારમાં ઘણી ઉપયોગી છે. મિથુનનું સ્થાન જુગારખાનામાં છે અને તુલાનું સ્થાન મોટાં બજારોમાં છે. જ્યાં અનેકનાં ભાગ્ય ઘડાય છે ઉપરાંત મિથુન, તુલા અને કુંભ રાશિઓ બુદ્ધિ વર્ગની છે. વ્યાપાર બુદ્ધિથી થાય છે. તેથી જ અંગ્રેજીમાં કહેવત છે કે Gambling has no foundation but speculation is based on calculations અર્થાત જુગાર પાયા વગરનો હોય છે જ્યારે સટ્ટો ગણતરી પર રચાયેલો હોય છે.



અધ્યાય બીજો

ગ્રહ જ્ઞાન

આકાશમાં સાત ગ્રહ છે. તેનાં નામ સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને શનિ છે. આ ગ્રહો આકાશમાં ચાલે છે. તેમની આ ગતિ પૃથ્વી પર જાતજાતની અસર ફેલાવે છે. તે રાયને રંક બનાવે છે અને રંકને રાય બનાવે છે. આ ગ્રહોના સંચાલક સર્વ શક્તિમાન ઇશ્વર છે, જ્યાં સુધી સવિતા નારાયણ અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી ગ્રહોની અસર પૃથ્વી પર અનેક રૂપે જણાતી જ રહેવાની. જે કોઇ ગ્રહોની અસરની ઉપેક્ષા કરે છે તે પોતાની જાતની જ ઉપેક્ષા કરે છે.

રૂ બજારમાં જે ભાવો વધે ઘટે છે તે આ ગ્રહોની ચાલથી જ બને છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:

સૂર્ય રૂનો પિતા છે તેની ગરમીથી રૂ પાકે છે. તે મૂળ સંજ્ઞક છે.

ચંદ્ર શીતળ છે; આથી તે રૂનો મારક બને છે. હીમ પડવાથી કપાસના પાકને હાનિ પહોંચે છે.

મંગળ સેનાપતિ છે. પાપી તેમજ ક્રૂર ગ્રહ છે; આથી રૂ બજારને તે પોતાના જોરે ચલાવવા ઇચ્છે છે. તેની ચાલ હંમેશાં ઊંધી હોય છે.

બુધ કુમાર છે. તે જેની સાથે ચાલે છે તેની તેના પર અસર થાય છે. તે વૈશ્ય છે.

ગુરુ જીવ સંજ્ઞક છે, તે માનવ જીવનને સુખી કરવા માટે ઉત્પાદન વૃદ્ધિ કરી રૂ બજારના ભાવો નીચે લઇ જાય છે. તેથી તે ભાવ મારક છે.

શુક્ર દૈત્યનો ગુરુ છે, અને મોજ શોખ અને ઉત્પાદનનો કારક છે. આથી તે હંમેશાં શનિ રૂપી દૈત્યનો જ પક્ષ ખેંચે છે. તે મૂળ સંજ્ઞક છે.

શનિ અતિ પાપી અને મલીન સ્વભાવનો છે. તે કષ્ટ ઉપજાવવામાં અનેક રીતે હોશિયાર છે. તે બહુ જ સ્થીર બુધ્ધિવાળો ગ્રહ છે. કારણ કે તુલા જેવી ઉત્તમ બુધ્ધિસંજ્ઞક રાશિમાં તેને ઉચ્ચત્વ મળ્યું છે. તે પોતાની બુધ્ધિ હંમેશાં ગુરુને પરાસ્ત કરવામાં જ વાપરે છે. તેથી ગુરૂ અને શનિને હરહંમેશ અણબનાવ રહ્યા કરે છે. ગુરુ, વ્યવસ્થા, શાંતિ, સુલેહ અને સોંઘારતનો (વધુ ઉત્પાદનનો) કારક છે. શનિ દરેક રીતે ગુરુનાં કાર્ય તોડી પાડવામાં જ આનંદ માનનાર છે. આથી દરીને જ્યારે

અન્યાય, અત્યાચાર, કાળાંબજાર, ઘનીષ્ટ તેજી, ઓછું ઉત્પાદન, વધુ માંગ, સંગ્રહવૃત્તિ, દાસોનું-મજૂરોનું-જોર આ પૃથ્વી પર દ્રષ્ટિગોચર થાય છે ત્યારે આ ગ્રહ ગુરુ પર પૂર્ણ કાબુ મેળવેલા દાખલા નોંધાયા છે. જેના પર શનિની દ્રષ્ટિ ઠરે છે તે કાંતો અમીર કે કાંતો ફકીર એમાથી એક જ બને છે. ત્રીજો માર્ગ તેવી વ્યક્તિ માટે રહેતો જ નથી. શનિ મૂળનો સ્વામી છે, તેથી આ ગ્રંથમાં તે મુખ્ય સુત્રધાર છે.

શનિનો બીજો અર્થ દાસ થાય છે. બળવાન શનિ દાસની શક્તિમાં અચાનક વધારો કરી પૈસાદાર બનાવે છે. જ્યારે ગુરુનાં માણસો તે વખતે દુઃખી થતાં હોય છે.

આકાશની બારેય રાશિઓને સૂર્યાદિ ગ્રહોએ વહેંચી લીધી છે. આ રાશિઓ તેમનાં ઘર ગણાય છે. ગ્રહો પોતાના ઘરમાં-રાશિમાં બળવાન કહેવાય છે. જેમ માણસ જાત પોતાના ઘરમાં બળવાન હોય છે.



અધ્યાય ત્રીજો

ગ્રહ અને રાશિ સંબંધ

ગ્રહ	રાશિ	ગ્રહ	રાશિ
સૂર્ય	સિંહ (૫)	ગુરુ	ધન, મીન (૯,૧૨)
ચંદ્ર	કર્ક (૪)	શુક્ર	વૃષભ, તુલા (૨,૭)
મંગળ	મેષ, વૃશ્ચિક (૧,૮)	શનિ	મકર, કુંભ, (૧૦.૧૧)
બુધ	મિથુન, કન્યા (૩,૬)		

સૂર્ય સિંહ રાશિનો માલિક (સ્વામી) છે. ચંદ્ર કર્ક રાશિનો માલિક છે. મંગળ. મેષ અને વૃશ્ચિક રાશિનો માલિક છે એમ સમજવું.

ગ્રહોની ઉચ્ચ અને નીચ રાશિઓ

નીચે આપેલા ગ્રહો ઉચ્ચ રાશિમાં બળવાન ગણાય છે અને નીચ રાશિમાં નિર્બળ ગણાય છે. ઉચ્ચ રાશિના બળવાન ગ્રહો પોતાના સ્વભાવ પ્રમાણે વધુ તેજી કે મંદી કરે છે. જ્યારે નીચ રાશિના નિર્બળ ગ્રહો પોતાના સ્વભાવ પ્રમાણે ઓછી તેજી કે મંદી કરે છે.

	સૂર્ય	ચંદ્ર	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
ઉચ્ચ રાશિ	મેષ	વૃષભ	મકર	કન્યા	કર્ક	મીન	તુલા
નીચ રાશિ	તુલા	વૃશ્ચિક	કર્ક	મીન	મકર	કન્યા	મેષ

ગ્રહોની મૂળત્રિકોણની રાશિઓ

દરેક ગ્રહ પોતાના ઘરમાં (ચંદ્ર સિવાય) અમુક અંશ ઉપર બહુ બળવાન કહેવાય છે. આ વખતે તે મૂળત્રિકોણનો ગ્રહ કહેવાય છે.

સૂર્ય સિંહ રાશિમાં ૦થી ૨૦ અંશ સુધી મૂળત્રિકોણનો ગણાય છે અને પછી સ્વગૃહી ગણાય છે.

ચંદ્ર વૃષભરાશિમાં ૦ થી ૩ અંશ સુધી ઉચ્ચનો અને પછી ૩૦ અંશ સુધી મુળ ત્રિકોણનો ગણાય છે

મંગળ મેષના ૦ થી ૧૨ અંશ સુધી મૂળત્રિકોણનો ગણાય છે

બુધ કન્યાના ૦થી ૧૫ અંશ સુધી ઉચ્ચનો ૧૫થી ૨૦ અંશ સુધી મૂળત્રિકોણનો આ પછી સ્વગૃહી ગણાય છે.

ગુરુ ધનના ૦ થી ૧૦ અંશ સુધી મૂળત્રિકોણનો અને પછી સ્વગૃહી

શુક્ર તુલાના ૦થી ૧૫ અંશ સુધી મૂળત્રિકોણનો અને પછી સ્વગૃહી

શનિ કુંભના ૦ થી ૧૫ અંશ સુધી મૂળત્રિકોણનો અને પછી સ્વગૃહી.



અધ્યાય ચોથો

ગ્રહોના સ્વભાવ

ચંદ્ર, શુક્ર સ્ત્રી રાશીમાં (બેકી રાશિમાં) સૂર્ય, મંગળ, બુધ, ગુરૂ અને શની એ એકી પુરુષ રાશિમાં (એકી રાશિમા) બળવાન છે.

સૂર્ય: ઉચ્ચનો, સ્વગૃહી, મૂળત્રિકોણનો અને દશમાં ભાવમાં બળવાન છ.

ચંદ્ર: કર્ક, વૃષભમાં, ચોથા ભાવમાં, સંપૂર્ણ કળાનો બળવાન છે.

મંગળ: દશમા ભાવમાં, સ્વગૃહી મૂળત્રિકોણનો ઉચ્ચનો અને વક્રગતિનો બળવાન છે. *

બુધ: મિથુન, કન્યા ને ધન રાશિમા અને લગ્નમાં બળવાન છે. (આ ફળ બુધ જ્યારે સ્વતંત્ર હોય ત્યારનું)

* વક્રગતિ વગેરેની સમજ હવે પછી આવે છે.

ગુરુ: મીન, વૃશ્ચિક, ધન, કર્ક, કુંભ કે મકરમાં હોય તે બળવાન છે. લગ્ને ચોથે કે દશમે ગુરૂ હોય તો તે બહુ બળવાન સમજવો.

શુક્ર: ઉદયનો, મૂળત્રિકોણનો કે સ્વગૃહી ૩, ૪, ૬, અને ૧૨ મા ભાવે બળવાન છે.

શનિ: તુલા, મકર, કુંભનો, સાતમે અને વક્ર ગતિનો હોય ત્યારે બળવાન છે.

સૂર્ય સ્થિર છે. ચંદ્ર ચર છે. મંગળ ક્રૂર છે. બુધ મિશ્ર સ્વભાવનો છે. ગુરૂ કોમળ છે. શુક્ર નાનો છે. શનિ કઠોર છે.

સૂર્ય રાજા, ચંદ્ર રાણી, ગુરુ પ્રધાન, શુક્ર પ્રધાનની સ્ત્રી, મંગળ સેનાપતિ, બુધ કુમાર અને શનિ ચાકર છે.

જે ગ્રહ અસ્ત હોય (સૂર્યના કાળાંશોમાં રહે ત્યાં સુધીનો સમય એટલે કે તે જ્યારે આકાશમાં દેખાતો ન હોય ત્યારે) તેને નિર્બળ જાણવો.

સૂર્ય ચંદ્ર સિવાય બધા ગ્રહો એક સરખી ચાલે ચાલતા નથી. ક્યારેક તેઓ આગળ ચાલે છે જ્યારે ક્યારેક તેઓ પાછળ ચાલે છે. ક્યારેક ધીમે ચાલે છે તો ક્યારેક ઝડપથી ચાલે છે- દોડે છે- જે પંચાંગમાં જોવાથી સમજાય છે.

વક્રી ગ્રહ એટલે જે પાછો ચાલે તે (આ પંચાંગમાં લખેલું હોય છે.)

માર્ગી ગ્રહ એટલે જે આગળ ચાલે છે તે.

ઉદયનો ગ્રહ એટલે જે આકાશમાં દેખાય છે તે.

અસ્તનો ગ્રહ એટલે જે આકાશમાં ન દેખાય તે (જે ગ્રહ સૂર્યની નજીક લગભગ ૧૨ અંશમાં આગળ પાછળ ચાલે છે ત્યારે તે નથી દેખાતો તેથી તે અસ્તનો કહેવાય છે)

અતિચારી ગ્રહ એટલે તેની સામાન્ય ગતિથી વધુ ઝડપથી રાશિમાન પૂરું કરે તે ગ્રહો ત્યારે સૂર્યથી બીજે અને બારમે આવે છે ત્યારે અતિચાર પણું પ્રાપ્ત કરે છે.

મંગળ અને શનિ વક્રી થતાં બળવાન ગણાય છે.


ઉદયના ગ્રહો બળવાન અને અસ્તના ગ્રહો નિર્બળ ગણાય છે.

અતિચારી ગ્રહો બજારમાં એકદમ ઝડપી તેજી મંદી કરે છે. તે તેમના તેજી મંદી સ્થાનમાં થતાં પરિભ્રમણ પર આધાર રાખે છે.



અધ્યાય પાંચમો

કુંડલી અને ભાવ



આ કુંડલી છે. પહેલો ભાવ (પહેલું સ્થાન) તે પૂર્વનો ક્ષિતિજ બતાવે છે. ત્યારપછી અનુક્રમે બીજો ત્રીજો ભાવ યાદ રાખો.

દશમો ભાવ આપણા માથા પરનો ગણાય છે. સાતમો ભાવ પશ્ચિમ દિશાની ક્ષિતિજ ગણાય છે. ચોથો ભાવ પગ નીચેનો ગણાય છે.

જમણી બાજુના ભાવો દૃશ્ય ગણાય છે અને ડાબી બાજુના ભાવો અદૃશ્ય ગણાય છે. જમણી બાજુના ભાવોમા વધુ નિશ્ચયકારક બળ છે. સટ્ટાખોરી તરફ જ્યારે નિર્ણાયક ગ્રહ આ બાજુના ઘરોમાંથી પરિભ્રમણ કરે છે ત્યારે ઉત્તેજન બને છે. કારણ કે દશમા સ્થાન જેવું મહત્ત્વનું સ્થાન તેમાં આવેલું છે.


બાર ભાવમાં જોવાતી વિગતો

પહેલો ભાવ—શરીરની બાબત
બીજો ભાવ—ધનની બાબત ચિંતા
ત્રીજો ભાવ—બંધુ બાબત ચિંતા
ચોથો ભાવ—સુખ અને માતાની બાબત
પાંચમો ભાવ—પુત્ર તથા બુદ્ધિ બાબત
છઠ્ઠો ભાવ—શત્રુ, મોસાળ અને રોગ બાબત ચિંતા
સાતમો ભાવ—સ્ત્રી અને ભાગીદારી બાબત
આઠમો ભાવ—વિનાશ, મૃત્યુ બાબત ચિંતા
નવમો ભાવ—ભાગ્ય બાબત
દશમો ભાવ—કર્મ બાબત
અગિયારમો ભાવ—આવક બાબત ચિંતા
બારમો ભાવ—ખર્ચ અને દેવા બાબત ચિંતા



અધ્યાય છઠ્ઠો

રૂ બજારની કુંડલી, ભાવો, માલિકો અને તેજીમંદી



આ રૂ બજારની કુંડલી છે. તેમાં પહેલા ભાવમાં અગિયારમી રાશિ છે અને તેનો માલિક શનિ છે તેમ બતાવવામાં આવ્યું છે. આવીજ રીતે બીજા ભાવમાં બારમી રાશિ અને તેનો માલિક ગુરુ છે તેમ બતાવવામાં આવ્યું છે. વગેરે.

દરેક કુંડલીમાં પહેલો ચોથો સાતમો અને દશમો ભાવ કેન્દ્ર સ્થાન કહેવાય છે. આ સ્થાનો અને તેના માલિકો સારી તેજી કારક હોય છે.


યાદ રાખો.

શનિ તેજી કરે એટલે રૂની અછત ઉભી થાય અને તેની કિંમત વધે એમ સમજવું. આવી જ રીતે ગુરુ મંદી કરે એટલે રૂનું ઉત્પાદન ધાર્યા કરતાં વધુ થાય એટલે જ રૂની કિંમત ઘટે એમ સમજવું. આ સમજણ મગજમાં ચોખ્ખી રાખવી. દા. ત. સૂર્ય તેજી કારક છે એટલે રૂના પાકની કિંમત વધારે છે. આ કિંમત તો જ વધે કે માલનું ઉત્પાદન ઓછું થાય. મૂળસંજ્ઞક રાશિ કે ગ્રહ એટલે તેનું ઓછું ઉત્પાદન કરી તેની કિંમત ગણના પાત્ર બનાવવી તે.



અધ્યાય સાતમો

ગ્રહોની દ્રષ્ટિ



બધા ગ્રહો સાતમા સ્થાને દ્રષ્ટિ કરે છે. પરન્તુ શનિ તે ઉપરાંત ત્રીજા અને દશમા સ્થાને, મંગળ ચોથા અને આઠમા સ્થાને અને ગુરુ પાંચમા અને નવમા સ્થાને દ્રષ્ટિ કરે છે.


દાખલો : બાજુની કુંડલીમાં ચંદ્ર સાતમે એટલે કે છઠ્ઠી રાશિને જુએ છે. પોતે જ્યાં છે ત્યાંથી એકથી ગણતાં છઠ્ઠી રાશિ સાતમે આવશે.

એવી જ રીતે શુક્ર ધન રાશિને સૂર્ય બુધ મકર રાશિને, શની ત્રીજે એટલે કે સાતમી રાશિને, સાતમે એટલે કે કુંભ રાશિને

આપે છે. અર્થાત કેન્દ્રના સ્વામીઓ ભલે પછી શુભ ગ્રહ હોય કે પાપગ્રહ હોય પણ તેની સાથે સાથે ત્રણ, ૭ અને અગિયારમા સ્થાનનો માલીક હોય તો સારૂં ફળ આપતા નથી. સૌથી બળવાન કેન્દ્રના ગ્રહો છે, તેમનાથી ૩,૬ અને ૧૧મા સ્થાનના મારક ગ્રહો ઓછા બળવાન છે. છેલ્લે ત્રીકોણના માલિકો એથી ઓછા બળવાન છે.

૮માનો માલિક શુભ ફળ આપતો નથી. પરન્તુ પોતે જો લગ્નનો માલિક હોય તો તે શુભ ફળ આપનાર બને છે.

રાહુ અને કેતુ સ્વત: ગ્રહો નથી. તેથી તેમની ગણના નથી છતાં પણ એ વસ્તુ યાદ રાખવી જરૂરી છે કે રાહુ અને કેતુ જે ભાવમાં હોય અથવા જે ભાવના સ્વામીથી યુક્ત હોય તે પ્રમાણેનું બળ પામીને ફળ આપે છે.



આ જગતના રૂની કુંડલી છે. તેનું કુંભ લગ્ન છે. એટલે કે જ્યારે ગ્રહ રાશિ બદલે ત્યારે તે ઘર બદલે તેમ સમજવું.

આ કુંડલીમાં ગુરુ ચંદ્ર અને મંગળ પાપગ્રહો છે શુક્ર શુભ ગ્રહ છે. મંગળ જો શુક્ર સાથે સંબંધ કરતો હોય તો વધુ શુભ કારક બને છે. (અનુભવમાં મંગળ ઊંધોચાલીને મંદી કરે છે.) ગુરુ મારક છે. તેમજ મંગળ ચંદ્ર પણ કયારેક કયારેક મારકના સંપર્કથી મારક બની જાય છે.

જેવી છે. જ્યારે પણ વ્યાપાર કરનાર વ્યક્તિ નુકશાન કરે ત્યારે આ ચાલની અણસમજનું કારણ જ પાડવી જોઈએ. મંગળનો સ્વભાવ તામસી છે. તે બીજાનું કહ્યું કરનાર નથી. સ્વેચ્છાચારી અને સામાન્ય નિયમોથી ઊલટો ચાલનાર છે.



અધ્યાય નવમો

સંબંધ–દૃષ્ટિ યોગ


કેન્દ્ર અને ત્રિકોણના માલિકો એક બીજા સાથે સંબંધ કરતા હોય તો તેઓ કારક બને છે: અને જો તેઓના તેમના સિવાય બીજાઓથી (૩, ૬ અને ૧૧ સ્થાનના માલિકોથી) સંબંધ ન હોય તો ખાસ કરીને સારી તેજી કરે છે. (આ ત્રીને માંહીં સંબંધ વિનાનો શુક્ર સર્વત્ર તેજી કારક બને છે.)

સંબંધ એટલે દૃષ્ટિ. ગ્રહો સામસામા જોતા હોય, અથવા તો એકને બીજો ગ્રહ જોતો હોય, અને બીજો ગ્રહ ભલે પછી પહેલા ગ્રહને ન જોતો હોય, અથવા તો કેન્દ્રનો માલિક ત્રિકોણમાં અને ત્રિકોણનો માલિક કેન્દ્રમાં અરસપરસ એકબીજાના ઘરમાં હોય અગર સાથે બેઠા હોય તો તેજી કરનાર ગણાય છે. આ યોગથી રૂ બજારમાં સારી તેજી થવા માંડે છે. આ યોગ બીજા ધંધામાં–ભાવોમાં–થાય છે તો પણ તેજી થવા માંડે છે. કેન્દ્ર કે ત્રિકોણના માલિક દોષિત હોય એટલે કે ત્રિષડાયપતિ [ત્રણ, છ, અગિયારના માલિક] પણ હોય છતાં તેઓનો સંબંધ તેજી કારક યોગ પેદા કરે છે અને તેજી થવા માંડે છે.

અધ્યાય દશમો

સંબંધ–દ્રષ્ટિયોગ (ચાલુ)

આગળ અધ્યાય નવમા મુજબ દ્રષ્ટિ યોગ મુજબ નીચે પ્રમાણેનાં તેજી યોગો થાય છે.



સખત તેજીકારક

૧. શુક્ર (એકલો શુક્ર)

૨. બુધ + શનિ

સામાન્ય તેજીકારક યોગ

૧. શનિ + શુક્ર

૨. બુધ + ,,

૩. મંગળ + ,,

૪. સૂર્ય + ,,

૫. સૂર્ય + બુધ

સખત તેજી કારક

૧. **શુક્ર:** શુક્ર એકલો સખત તેજી કારક છે. કારણકે પોતે કેન્દ્ર ત્રિકોણનો માલિક હોઈ કુંડલીના ભાગ્ય વિધાતા બને છે.

૨. **બુધ + શનિ:** ત્રિકોણના માલિકનો લગ્નના માલિક સાથેનો સંબંધ તેજી કારક છે.

સામાન્ય તેજી કારક યોગો.

૧. શનિ+શુક્ર: શુક્ર કેન્દ્ર ત્રિકોણના માલિકનો લગ્નના માલિકસાથેનો સંબંધ જણાવ્યા પ્રમાણે નાની તેજી કારક નહિ પણ મોટી તેજી કારક અનુભવવામાં આવ્યો છે.

૨. બુધ+શુક્ર: અહીંયાં બુધ ત્રિકોણનો માલિક હોવાથી શુક્ર કે જે કેન્દ્ર ત્રિકોણનો માલિક છે તેની સાથે સંબંધમાં આવતાં સારી તેજી થાય છે.

૩. મંગળ+શુક્ર: આ યોગ તેજીના બદલે મંદી કારક અનુભવવામાં આવ્યો છે. આનું કારણ મંગળ અને શુક્રનો શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે બિલાડી અને ઉંદરના જેવો સંબંધ છે. આથી મંગળ સેનાપતિ હોવાથી શુક્ર વિરૂધ્ધ વર્તન ચલાવે છે અને મંદી કરી શુક્રને જીતી જાય છે.

૪. સૂર્ય+શુક્ર: સપ્તમેશ અને કેન્દ્ર ત્રિકોણાધિપતિનો આ સંબંધ સારો તેજી કારક હોય છે.

૫. સૂર્ય+બુધ: કેન્દ્ર ત્રિકોણના માલિક સૂર્ય બુધનો આ સંબંધ તેજીકારક છે.




અધ્યાય અગીઆરમો

ગ્રહોનું કારકપણું

સૂર્ય જ્ઞાન તથા લક્ષ્મીકારક છે,
ચંદ્ર સંપત્તીનો કારક છે.
મંગળ સેનાપતિ અને સ્વતંત્ર છે.
બુધ બુદ્ધિ અને ગણત્રીનો કારક છે.
ગુરુ ધનનો કારક છે.
શુક્ર વ્યાપારનો કારક છે,
શનિ સંપત્તિ અને દુઃખનો કારક છે.

ભાવકારક યોગો



પહેલા ભાવનો કારક સૂર્ય છે.
બીજા ભાવનો કારક ગુરૂ છે.
ત્રીજા ભાવનો કારક મંગળ છે.
ચોથા ભાવનો કારક બુધ તથા ચંદ્ર છે.

પાંચમા ભાવનો કારક ગુરુ છે.

છઠ્ઠા ભાવનો કારક શનિ તથા મંગળ છે.

સાતમા ભાવનો કારક શુક્ર છે.

આઠમા ભાવનો કારક શનિ છે.

નવમા ભાવનો કારક સૂર્ય ગુરુ છે.

દશમા ભાવનો કારક સૂર્ય, ગુરુ, શનિ, તથા બુધ છે.

અગિયારમા ભાવનો કારક ગુરુ છે.

બારમા ભાવનો કારક શનિ છે.

અર્થાત ભાવકારક ગ્રહો જ્યારે પોતાના ભાવમાંથી પસાર થાય છે કે તેને દેખે છે ત્યારે તેની મોટી અસર થાય છે. તેજી કારક સારી તેજી કરે છે અને મંદી કારક સારી મંદી કરે છે.



અધ્યાય બારમો

પંચાંગ અર્થાત ગ્રહ સ્થિતિજ્ઞાન

હાલ 'જન્મભૂમિ' નું પંચાંગ ઘણું શુદ્ધ બહાર પડે છે. તે આકાશમાં ગ્રહની જે સ્થિતિ હોય છે તે પ્રમાણે રચવામાં આવે છે. તેથી તે પરિણામની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. આમાં બેકી પાનાં પરના નીચેના ભાગમાં સવારના ૫–૩૦ [સ્ટાં. ટા.] વાગ્યે દૈનિક સ્પષ્ટ ગ્રહ, ગતિ, ક્રાંતિ અને શર સાથે આપેલાં હોય છે. જેમાં જોવાથી દરેક ગ્રહ ચોક્કસ દિવસ અને વખતે કઇ રાશિનો કેટલા અંશનો છે તે સહેલાઇથી માલુમ પડે છે. તે ઉપરાંત તે અસ્ત, વક્રી, માર્ગી, ઉદયનો, અતિચારી છે કે નહિ તે પણ માલુમ પડે છે. આ પંચાગનો થોડો વધુ અભ્યાસ–દૃષ્ટિ–ગ્રહની બાબતમાં દરેક

જાણુને થોડા જ વખતમાં સારૂં જ્ઞાન આપી દે છે તો દરેક જણે આ જ પંચાંગ વાપરવાની ભલામણ છે.


વધુમાં આ પંચાંગમાં ગ્રહ ગતિ કલાક, મિનિટમાં આપેલ હોય છે. અને અયનાંશ સિદ્ધિ દૃકતુલ્ય એટલે આકાશસ્થ ગ્રહોની સાથે મળતા આવે છે. બીજા પંચાંગોની અમને પ્રતિતિ નથી.



અધ્યાય તેરમો

રૂ બજારના તેજી મંદીના કોઠા

જગતના રૂ બજારની કુંડલી.



ઉપરની કુંડલીમાં તેજી મંદી શબ્દો જે ઘરમાંથી ચંદ્ર પસાર થાય છે તે વખતની તેની અસરના છે.

આ કુંડલીનાં ૧, ૪, ૫, ૭, ૯, ૧૦ સ્થાન તેજીકારક છે અને બાકીના ૨, ૩, ૬, ૮, ૧૧, ૧૨ સ્થાન મંદીકારક છે. આ સ્થાનબળ હંમેશાં ધ્યાનમાં રાખવું.



ચંદ્રનો કોઠો

ચંદ્રની રાશિ	ફળ
મેષ	મંદી
વૃષભ	તેજી
મિથુન	તેજી
કર્ક	મંદી
સિંહ	તેજી
કન્યા	મંદી
તુલા	તેજી
વૃશ્ચિક	તેજી
ધન	મંદી
મકર	મંદી
કુંભ	તેજી
મીન	મંદી

સૂર્યનો કોઠો ૧.

સૂર્યની રાશિ	ચંદ્રની [illegible]
મેષ	તેજી
વૃષભ	તેજી
મિથુન	તેજી
કર્ક	સમ
સિંહ	તેજી
કન્યા	સમ
તુલા	તેજી
વૃશ્ચિક	તેજી
ધન	તેજી
મકર	સમ
કુંભ	તેજી
મીન	સમ

સૂર્યનો કોઠો ૨.

ચંદ્રની રાશિ	યુતિ✧	પ્રતિયુતિ†
મેષ	તેજી +	તેજી ×
વૃષભ	તેજી	તેજી
મિથુન	તેજી	તેજી
કર્ક	તેજી	તેજી
સિંહ	તેજી	તેજી
કન્યા	તેજી	તેજી
તુલા	તેજી	તેજી
વૃશ્ચિક	તેજી	તેજી
ધન	તેજી	તેજી
મકર	તેજી	તેજી
કુંભ	તેજી	તેજી
મીન	તેજી	તેજી

✧ યુતિ=સાથે. † પ્રતિયુતિ=સામસામા.

+ ચંદ્ર સૂર્ય મેષમાં હોય. × ચંદ્ર મેષમાં અને સૂર્ય તુલામાં હોય.

મંગળનો કોઠો ૧.

મંગળની રાશિ	ચંદ્ર મેષનો	[illegible]
મેષ	તેજી×	તેજી
વૃષભ	મંદી	તેજી
મિથુન	મંદી	તેજી
કર્ક	મંદી	સમ
સિંહ	સમ	તેજી
કન્યા	મંદી	તેજી
તુલા	સમ	તેજી
વૃશ્ચિક	તેજી	તેજી
ધન	મંદી	સમ
મકર	સમ	તેજી
કુંભ	સમ	તેજી
મીન	મંદી	સમ

× મંદી પાકાની આવાગમ્ તેજી નહિતર મંદી.

મંગળનો કોઠો ૨.

મંગળની રાશિ	યુતિ	ચોથી દૃષ્ટિ	સાતમી દૃષ્ટિ	આઠમી દૃષ્ટિ
મેષ	તેજી+	તેજી+	તેજી+	તેજી+
વૃષભ	મંદી	મંદી	મંદી	મંદી
મિથુન	મંદી	મંદી	મંદી	મંદી
કર્ક	તેજી	તેજી	તેજી	તેજી
સિંહ	તેજી	તેજી	તેજી	તેજી
કન્યા	તેજી	તેજી	તેજી	તેજી
તુલા	મંદી	મંદી	મંદી	મંદી
વૃશ્ચિક	તેજી	તેજી	તેજી	તેજી
ધન	તેજી	તેજી	તેજી	તેજી
મકર	તેજી	તેજી	તેજી	તેજી
કુંભ	તેજી	તેજી	તેજી	તેજી
મીન	તેજી	તેજી	તેજી	તેજી

+ મંદી પડ્યાની [illegible] તેજી નહિતર મંદી.

બુધનો કોઠો ૧.

ગ્રહની રાશિ	મિત્રની સંજ્ઞા	શત્રુની સંજ્ઞા
મેષ	સમ	મંદી
વૃષભ	તેજ	તેજ
મિથુન	તેજ	સમ
કર્ક	મંદી	મંદી
સિંહ	સમ	સમ
કન્યા	મંદી	મંદી
તુલા	સમ	સમ
વૃશ્ચિક	તેજ	તેજ
ધન	તેજ	મંદી
મકર	મંદી	મંદી
કુંભ	તેજ	સમ
મીન	તેજ	મંદી

બુધનો કોઠો ૨.

રાશિની સંજ્ઞા	યુતિ	મિત્રયુતિ
મેષ	સમ	તેજ
વૃષભ	તેજ	તેજ
મિથુન	તેજ	તેજ
કર્ક	મંદી	મંદી
સિંહ	તેજ	તેજ
કન્યા	મંદી	મંદી
તુલા	તેજ	સમ
વૃશ્ચિક	તેજ	તેજ
ધન	સમ	તેજ
મકર	મંદી	મંદી
કુંભ	તેજ	તેજ
મીન	મંદી	મંદી

ગુરુનો કોઠો ૧.

ગ્રહની રાશિ	મિત્રની સંજ્ઞા	શત્રુની સંજ્ઞા
મેષ	મંદી	મંદી
વૃષભ	સમ	સમ
મિથુન	સમ	સમ
કર્ક	મંદી	મંદી
સિંહ	સમ	સમ
કન્યા	મંદી	મંદી
તુલા	સમ	સમ
વૃશ્ચિક	સમ	સમ
ધન	મંદી	મંદી
મકર	મંદી	મંદી
કુંભ	સમ	સમ
મીન	મંદી	મંદી

ગુરુનો કોઠો ૨.

ચંદ્ર રાશી	યુતિ	પાંચમી દ્રષ્ટિ	સાતમી દ્રષ્ટિ	નવમી દ્રષ્ટિ
મેષ	મંદી	મંદી	મંદી	મંદી
વૃષભ	,,	,,	,,	,,
મિથુન	,,	,,	,,	,,
કર્ક	,,	,,	,,	,,
સિંહ	,,	,,	,,	,,
કન્યા	,,	,,	,,	,,
તુલા	,,	,,	,,	,,
વૃશ્ચિક	,,	,,	,,	,,
ધન	,,	,,	,,	,,
મકર	,,	,,	,,	,,
કુંભ	,,	,,	,,	,,
મીન	,,	,,	,,	,,

શુક્રનો કોઠો ૧.

શુક્રની રાશિ	નં. ૧ મુજબનો	નં. ૨ મુજબનો
મેષ	તેજી	તેજી
વૃષભ	તેજી	તેજી
મિથુન	તેજી	તેજી
કર્ક	મંદી	સમ
સિંહ	તેજી	તેજી
કન્યા	મંદી	મંદી
તુલા	તેજી	તેજી
વૃશ્ચિક	તેજી	તેજી
ધન	સમ	સમ
મકર	મંદી	સમ
કુંભ	તેજી	તેજી
મીન	તેજી	સમ

શુક્રનો કોઠો ૨

નં. રાશિ	યુતિ	પ્રતિયુતિ
મેષ	તેજી	તેજી
વૃષભ	,,	,,
મિથુન	,,	,,
કર્ક	,,	,,
સિંહ	,,	,,
કન્યા	,,	,,
તુલા	,,	,,
વૃશ્ચિક	,,	,,
ધન	,,	,,
મકર	,,	,,
કુંભ	,,	,,
મીન	,,	.

શનિનો કોઠો ૧.

શનિની રાશિ.	મકરનો નં.	કુંભનો નં.
મેષ	તેજ	તેજ
વૃષભ	સમ	,,
મિથુન	તેજ	,,
કર્ક	તેજ	સમ
સિંહ	સમ	તેજ
કન્યા	મંદી	સમ
તુલા	સમ	તેજ
વૃશ્ચિક	તેજ	,,
ધન	મંદી	,,
મકર	તેજ	સમ
કુંભ	સમ	તેજ
મીન	મંદી	તેજ


શનિનો કોઠો ૨.

નં. રાશિ	દ્યુતિ	નીચ ગ્રહ	આત્મીય ગ્રહ	શત્રુ ગ્રહ
મેષ	તેજ	તેજ	તેજ	તેજ
વૃષભ	,,	,,	,,	,,
મિથુન	,,	,,	,,	,,
કર્ક	,,	,,	,,	,,
સિંહ	,,	,,	,,	,,
કન્યા	,,	,,	,,	,,
તુલા	,,	,,	,,	,,
વૃશ્ચિક	,,	,,	,,	,,
ધન	,,	,,	,,	,,
મકર	,,	,,	,,	,,
કુંભ	,,	,,	,,	,,
મીન	,,	,,	,,	,,

નોંધ: (શુક્રનો કોઠો નં. ૧) વૃષભ તથા તુલાનો ચંદ્ર શુક્ર જેટલા અંશનો હોય તેટલા જ અંશનો હોય ત્યારે ઉપર પ્રમાણે ફળ સમજવું નહિતર બધી જગ્યાએ તેજી સમજવી.

રાહુ અને કેતુ ગ્રહો નથી તે ચંદ્ર અને પૃથ્વીના પડછાયાને કાપતા બિંદુઓ છે. આથી તેની અસર નથી. ફક્ત તે જે સ્થાનમાં હોય છે એટલે કે મંદીના સ્થાનમાં હોય છે તો મંદી અને તેજીના સ્થાનમાં હોય છે તો તેજી વધારે પ્રમાણમાં થાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે ગ્રહો નાના મોટા મળી ઘણા છે. પરન્તુ તેમાંનાં સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, અને શનિની અસર પૃથ્વીપરનાં તત્ત્વો પર થાય છે.



અધ્યાય ચૌદમો

રૂ બજારના ટૂંકા ગાળાની ચાવીઓ.

ટૂંકા ગાળાની (દૈનિકની) વધઘટનો વિચાર કરતી વખતે નીચેની બાબત બરાબર તપાસી પછી નિર્ણય કરવો. દરેક ગ્રહના ફળ તથા યોગોના ભેદો તપાસી પછી નિર્ણય કરવો.

૧. ટૂંકા ગાળાની વધઘટનો મુખ્ય આધાર ચંદ્ર તથા ચંદ્ર જે રાશિમાં હોય તે રાશિના સ્વામી પર છે. માટે સૌથી પહેલાં ચંદ્ર જે રાશિનો હોય તેના ફળનો વિચાર કરવો.

૨. ચંદ્ર જે રાશિમાં હોય તેનો સ્વામી જે સ્થાનમાં હોય તેનું ફળ કોઠામાં જોઇ નક્કી કરવું.

૩. ચંદ્ર ઉપર બીજા ગ્રહોની દૃષ્ટિ તથા ચંદ્ર સાથે ગ્રહોની યુતિ તથા પ્રતિયુતિનું ફળ વિચારવું

૪. ચંદ્ર જે રાશિમાં હોય તેના સ્વામી ઉપર બીજા ગ્રહોની દૃષ્ટિનું ફળ (દૃષ્ટિનું ફળ કોઠાઓમાં જણાવ્યા પ્રમાણે સમજવું.) ધ્યાનમાં લેવું. દા. ત. વૃષભ રાશિમાં ચંદ્ર હોય અને તેનો માલિક સિંહમાં હોય અને તેના પર ગુરુની દૃષ્ટિ હોય તો વૃષભમાં મંદી થાય.

૫. મંગળની યુતિ પ્રતિયુતિ તથા દૃષ્ટિ ઉપર ખાસ ધ્યાન આપવું.

૬. દૃષ્ટિનો ખાસ વિચાર કરવો. દૃષ્ટિ કરનાર ગ્રહ બીજી બધી અસર નાબૂદ કરી પોતાની જ અસર ઉપજાવે છે. દા. ત. વૃષભનો

ચંદ્ર તેજી કર્તા છે. વૃષભ રાશિનો સ્વામી શુક્ર છે. જો શુક્રની ચંદ્ર ઉપર દૃષ્ટિ હોય (એટલે કે શુક્ર વૃશ્ચિક રાશિમાં હોય) તો સારી તેજી થાય પરન્તુ જો મંગળ શુક્ર અગર શુક્રની રાશિ પર દૃષ્ટિ કરનો હોય તો તે મંગળના કોઠા મુજબ મંદી કર્તા છે એમ સમજવું.

૭. દરેક ગ્રહ જ્યારે રાશિ બદલતો હોય ત્યારે એટલે કે સંધિગત ૨૯, ૩૦ અગર ૧ અંશનો હોય ત્યારે તેઓ ફળ આપતા નથી તેમ શાસ્ત્રો કહે છે. પરન્તુ આ વસ્તુ બરાબર સમજીને તેના પર ખાસ ધ્યાન આપો કે દરેક ગ્રહે જે જે રાશિઓમાં જે અસર ઉપજાવેલી હોય છે તે તે રાશિઓમાં તે ગ્રહ ૨૯ અંશમાં આવતાં તેણે ઉપજાવેલી અસર એકદમ નાબૂદ થાય છે. એટલે કે જો તેણે તે સ્થાનમાં તેજી ઉપજાવેલી હોય તો મંદી થવા લાગે અને મંદી ઉપજાવેલી હોય તો એકદમ તેજી થવા લાગે છે. (આમાં સ્થાનબળ જોવું.) આ ઉથલ પાથલ ૨૯, ૩૦, ૧ અંશમાં બને છે. ગ્રહ ૨ અંશનો થતાં તે પાછી નવી રાશિમાં નવેસરથી અસર ઉપજાવવા માંડે છે. આ પ્રમાણે ગુરુ, સૂર્ય, મંગળ અને શનિની બાબતમાં ખાસ બને છે. ગુરુ આખર અંશનો થતાં બજારમાં તેજી થવા માંડે છે. શનિ તેમ થતાં મંદી થવા લાગે છે. અને મંગળ કોઠા પ્રમાણે તેજી મંદી કરે છે. આ પ્રમાણે દરેક ગ્રહનું સમજવું. ઉપરાંત તે ગ્રહ પોતાના ઘર પ્રત્યે નિર્બળ હોવાથી ઘણું નબળું ફળ આપ છે, બલકે જરા પણ આપી શકતો નથી એ પણ ધ્યાનમાં રાખવું. અર્થાત આ ગ્રહ જો મંદીકારક હોય તો તેના ઘરમાં તેજી થવા લાગે છે અને તેજીકારક હોય તો મંદી થવા લાગે છે.

૮ આપેલી કુંડલીમાં છઠ્ઠે, આઠમે કે બારમે (કર્ક, કન્યા કે મકર રાશિમાં) પરિભ્રમણ કરનારા તેજીકારક ગ્રહો પોતાની

રાશિના ચંદ્રને ફળ આપતા નથી બલ્કે તે વખતે મોટી મંદી આવી જવાનો ભય રહે છે. આમાં સૂર્ય કર્કરાશ મકરનો, અને તુલા રાશિ માટે કન્યાનો શુક્ર થતાં મોટી મંદી આવવા સંભવ રહે છે.

૯ સૂર્ય અને ચંદ્રની યુતિ વખતે જો તે કુંડલીના મંદીકારક ખાનામાં હોય તો મંદીની અસર કરે છે. અને તેજીકારક ખાનામાં હોય તો તેજીકારક રહે છે.

૧૦ દરેક ગ્રહની યુતિ પ્રતિયુતિ અને દૃષ્ટિની અસર આગળ પાછળ બે અંશ તથા સૂર્ય ચંદ્રની પાંચ અંશનાં અંતરમાં ખાસ જોરદાર રહે છે.

૧૧ બુધ શુક્રની યુતિ વખતે બુધનો મંદીનો દોષ લાગતો નથી. આ યુતિ વખતે શુક્રનું ફળ મળે છે.

૧૨ રાશિની અસર પચાસ ટકા અને કોઠામાં દર્શાવ્યા મુજબ ગ્રહની અસર પચાસ ટકા સમજવી. એટલે સ્થાનબળનું મહત્ત્વ છે. કુંડળીના ભાવ મુજબ ચંદ્ર જે રાશિમાંથી પસાર થતો હોય તે પ્રમાણે કોઠામાં દર્શાવ્યા મુજબ ફળ આપે છે.

૧૩ રાશિના મધ્ય અંશમાં તેજી કે મંદીનું ફળ વધુ મળે છે અને આગળ પાછળના અંશમાં ઓછું મળે છે.

૧૪ ચંદ્ર એક રાશિમાં રાત દિવસ રહે છે તેથી તેની તેજી કે મંદી નક્કી કરતાં પહેલાં નીચેનો દાખલો બરાબર સમજવાની જરૂર છે. દાખલા તરીકે તા. ૩, ૪ તેજીકારક રાશિમાં મિથુનના ચંદ્રમાં ૩૪૯ અને ૩૪૭ નંના ભાવ છે અને ૫ તથા ૬ તારીખે કર્કના ચંદ્રમાં ૩૪૨ ને ૩૪૫ ભાવ છે તો રાશિની દૃષ્ટિએ નીચે મુજબનું અનુમાન થવું જોઈએ.

ચંદ્ર તેજી કર્તા છે. વૃષભ રાશિના સ્વામી શુક્ર છે. જો શુક્રની ચંદ્ર ઉપર દૃષ્ટિ હોય (એટલે કે શુક્ર વૃશ્ચિક રાશિમાં હોય) તો સારી તેજી થાય પરન્તુ જો મંગળ શુક્ર અગર શુક્રની રાશિ પર દૃષ્ટિ કરતો હોય તો તે મંગળના કોઠા મુજબ મંદી કર્તા છે એમ સમજવું.

૭. દરેક ગ્રહ જ્યારે રાશિ બદલતો હોય ત્યારે એટલે કે અધિગત ૨૯, ૩૦ અગર ૧ અંશના હોય ત્યારે તેઓ ફળ આપતા નથી તેમ શાસ્ત્રો કહે છે. પરન્તુ આ વસ્તુ બરાબર સમજીને તેના પર ખાસ ધ્યાન આપો કે દરેક ગ્રહે જે જે રાશિઓમાં જે અસર ઉપજાવેલી હોય છે તે તે રાશિઓમાં તે ગ્રહ ૨૯ અંશમાં આવતાં તેણે ઉપજાવેલી અસર એકદમ નાબૂદ થાય છે. એટલે કે જો તેણે તે સ્થાનમાં તેજી ઉપજાવેલી હોય તો મંદી થવા લાગે અને મંદી ઉપજાવેલી હોય તો એકદમ તેજી થવા લાગે છે. (આમાં સ્થાનબળ જોવું.) આ ઉથલ પાથલ ૨૯, ૩૦, ૧ અંશમાં બને છે. ગ્રહ ૨ અંશનો થતાં તે પાછી નવી રાશિમાં નવેસરથી અસર ઉપજાવવા માંડે છે. આ પ્રમાણે ગુરુ, સૂર્ય, મંગળ અને શનિની બાબતમાં ખાસ બને છે. ગુરૂ આખર અંશના થતાં બજારમાં તેજી થવા માંડે છે. શનિ તેમ થતાં મંદી થવા લાગે છે. અને મંગળ કોઠા પ્રમાણે તેજી મંદી કરે છે. આ પ્રમાણે દરેક ગ્રહનું સમજવું. ઉપરાંત તે ગ્રહ પોતાના ઘર પ્રત્યે નિર્બળ હોવાથી ઘણું નબળું ફળ આપે છે, બલ્કે જરા પણ આપી શકતો નથી એ પણ ધ્યાનમાં રાખવું. અર્થાત આ ગ્રહ જો મંદીકારક હોય તો તેના ઘરમાં તેજી થવા લાગે છે અને તેજીકારક હોય તો મંદી થવા લાગે છે.

૮ આપેલી કુંડલીમાં છઠ્ઠે, આઠમે કે બારમે (કર્ક, કન્યા - મકર રાશિમાં) પરિભ્રમણ કરનારા તેજીકારક ગ્રહો પોતાની

રાશિના ચંદ્રને ફળ આપતા નથી બલ્કે તે વખતે મોટી મંદી આ
જવાનો ભય રહે છે. આમાં સૂર્ય કર્કરાજ મકરનો, અને
રાશિ માટે કન્યાનો શુક્ર થતાં મોટી મંદી આવવા સંભવ રહે

૯ સૂર્ય અને ચંદ્રની યુતિ વખતે જો તે કુંડલીના મંદીક
ખાનામાં હોય તો મંદીની અસર કરે છે. અને તેજીકારક ખાન
હોય તો તેજીકારક રહે છે.

૧૦ દરેક ગ્રહની યુતિ પ્રતિયુતિ અને દૃષ્ટિની અસર આ
પાછળ બે અંશ તથા સૂર્ય ચંદ્રની પાંચ અંશનાં અંતરમાં
જોરદાર રહે છે.

૧૧ બુધ શુક્રની યુતિ વખતે બુધનો મંદીનો દોષ લા
નથી. આ યુતિ વખતે શુક્રનું ફળ મળે છે.

૧૨ રાશિની અસર પચાસ ટકા અને કોઠામાં દર્શા
મુજબ ગ્રહની અસર પચાસ ટકા સમજવી. એટલે સ્થાનન
મહત્ત્વ છે. કુંડળીના ભાવ મુજબ ચંદ્ર જે રાશિમાંથી પસાર
હોય તે પ્રમાણે કોઠામાં દર્શાવ્યા મુજબ ફળ આપે છે.

૧૩ રાશિના મધ્ય અંશમાં તેજી કે મંદીનું ફળ વધુ
છે અને આગળ પાછળના અંશમાં ઓછું મળે છે.

૧૪ ચંદ્ર એક રાશિમાં રાત દિવસ રહે છે તેથી તેની
કે મંદી નક્કી કરતાં પહેલાં નીચેનો દાખલો બરાબર સમજ
જરૂર છે. દાખલા તરીકે તા. ૩, ૪ તેજીકારક રાશિમાં મિથુ
ચંદ્રમાં ૩૪૯ અને ૩૪૭ રૂના ભાવ છે અને ૫ તથા ૬ તા
કર્કના ચંદ્રમાં ૩૪૨ ને ૩૪૫ ભાવ છે તો રાશિની દૃષ્ટિએ
મુજબનું અનુમાન થવું જોઈએ.

તા. ૩ ૩૪૬	મિથુન		તા. ૫ ૩૪૨	કર્ક
તા. ૪ ૩૪૭			તા. ૬ ૩૪૫	

ઉપલકિયા દષ્ટિએ તારીખ ૩ કરતાં ૪ થીએ મંદી દેખાય છે. અને તારીખ પાંચમી કરતાં છઠ્ઠીએ તેજી દેખાય છે. પરન્તુ તારીખ ત્રીજી અને ચોથીના ભાવો કરતાં તારીખ પાંચમી અને છઠ્ઠીના ભાવો ઉતરતા છે એટલે કે સરખામણીમાં તા. ૩, ૪ કરતાં તા. ૫, ૬ ના ભાવો ઉતરતા છે. માટે તા, ૫. ૬ મંદી થયેલી છે એમ સમજવું. આ દાખલો બરાબર ધ્યાનમાં રાખવો.

૧૫. મંગળ સ્વતંત્ર અને સેનાપતિ છે, તે બધાથી ઊંધો ચાલે છે. સામા પૂરે ચાલે છે. આથી ગ્રહો જ્યાં દષ્ટિ કરતા હોય ત્યાં મંગળની દષ્ટિ પડતી હોય ત્યાં દષ્ટિ કરનાર ગ્રહની અસરથી ઊંધી અસર ઉપજાવે છે. જ્યાં બીજા ગ્રહની દષ્ટિથી મંદી થવાની હોય ત્યાં તે (મંગળ) તેજી કરે છે અને જ્યાં તેજી થવાની હોય ત્યાં તે (મંગળ) મંદી કરે છે. **આ વખતે તેના (મંગળના) કોઠા પર બીલકુલ ધ્યાન આપવું નહિ.**

દા. ત. શુક્રની જ્યાં દષ્ટિ પડતી હોય ત્યાં મંગળની (શુભ) દષ્ટિ તેજી કરે છે અને શનિની જ્યાં દષ્ટિ હોય ત્યાં મંગળની દષ્ટિ મંદી કરે છે. આ પ્રમાણે દરેક ગ્રહ માટે મંગળના સ્વભાવ સમજવા.

૧૬. તેજીકારક શુક્ર અને ગુરુ સાથે હોય તો તેના અંશોની મર્યાદામાં રહી શુક્ર સારી તેજી કરે છે.

૧૭ રાહુ અને કેતુ જે નક્ષત્રમાં હોય છે ત્યાં તેજી મંદી વધુ પ્રમાણમાં થાય છે

૧૮. બુધ કેન્દ્રના માલિકોને મળતાં જેમ તેજીકારક બને છે તેમ મંદી સ્થાનના માલિકોને મળતાં મંદીકારક બને છે.

૧૯ અમાસ અને પૂનમ વખતે મોટી વધઘટ થાય છે અને તે કોઠામાં જણાવ્યા પ્રમાણે બને છે. ટૂંકી મૂડીવાળાઓએ આ વખતે વેપારમાંથી અલગ થઈ જવું જોઇએ.

૮. લગ્નનો માલિક શનિ હંમેશાં દરેક સ્થાનમાં તેજીકારક છે.

૯. આવી જ રીતે ગુરુ બીજા અને અગિયારમાં સ્થાનનો વાસ્મી મંદીયોગકારક હોવાથી તે હંમેશા મંદીકારક ગણવો.

૧૦. દરેક ગ્રહની સાતમા સ્થાન પર સંપૂર્ણ દ્રષ્ટિ પડે છે. તે ઉપરાંત ગુરુની પાંચમા તથા નવમા સ્થાન પર, શનિની ત્રીજા તથા દશમા સ્થાન પર અને મંગળની ચોથા તથા આઠમા સ્થાન પર પૂર્ણ દ્રષ્ટિ પડે છે. ગુરુ, શનિ અને મંગળની દ્રષ્ટિ જે ગ્રહો પર પડે છે તેના પર તે દ્દષ્ટિની વધારે અસર થાય છે. આ ત્રણેય ગ્રહો બળવાન હોવાથી તેમના પર ખાસ ધ્યાન આપવું.

૧૧. આમાં શનિની તેજી અને ગુરુની મંદીની અસર છે તેમાં કંઇ મૂંઝવણ ઊભી થતી નથી.

૧૨. મંગળની વિચિત્ર અસર થતી હોવાથી તેના પર ખાસ ધ્યાન આપવું. તેના ફળ નિર્ણય વખતે કોઠાઓ જોઇ સંપૂર્ણ વિચાર કરી નિર્ણય કરવો.

૧૩. સ્વગૃહી ગ્રહો ઘણા બળવાન સમજવા પણ તેના પર બીજા ગ્રહની દ્દષ્ટિ થતાં દ્રષ્ટિ કરનાર ગ્રહની જ અસર થાય છે.

૧૪. ગુરૂ શનિના યોગો મોટી વધઘટ કરે છે. શનિ ગુરૂ અગર તેના ઘરને દ્દષ્ટિમાં લેતો હોય તો તેજી કરે છે. તેવી જ રીતે ગુરુ શનિ અગર તેના ઘર પર દ્દષ્ટિ કરે છે ત્યારે મંદી કરે છે. ગુરુ જ્યારે શનિ અને તેના ઘર પર એમ બેઉ પર દ્રષ્ટિ કરે છે ત્યારે ક્રાઇસીસ (મોટી મંદી) આવે છે. અગર તો લાંબા ગાળે બજાર બેસતો જ ચાલે છે. એ વખતે વેપારીઓ મોટી હાર જીત કરે છે.

૨૧. કેન્દ્રત્રિકોણના સ્વામીઓ છઠ્ઠે, આઠમે કે બારમે હોય તો તે સ્થાનમાં તેજી થાય છે પણ પોતાના સ્થાનમાં સારી મંદી કરે છે. આ રીતે શુક્ર ઘણીવાર મોટી મંદી લાવે છે.

૨૨. કોઈપણ ગ્રહ પોતાના ઘરથી છઠ્ઠે, આઠમે કે બારમે હોય તો તેનું ફળ મળતું નથી એમ માનવું નહિ. આમાં સ્થાન બળની ગણત્રી કરવી.

૨૩. દશમું સ્થાન ઘણું મજબૂત સમજવું. તેમાંથી પસાર થતા ગ્રહનું તેજી મંદી તરફી વલણ ખાસ પકડાય છે.

૨૪. મંદી કારક ગુરુ દશમે (વૃશ્ચિક રાશિમાં) હોય ત્યારે ચંદ્ર ગુરૂની રાશિ (ધન અને મીન)માંથી પસાર થતો હોય તો કુંડલીમાં મંદીકારક સ્થાનો હોવા છતાં ત્યાં સાધારણ તેજી થાય છે. આવી રીતે બીજા મંદીકારક ગ્રહોનું ફળ પોતાની રાશિ પરત્વે સમજવું. આમ થવાનું કારણ તેના માલિકને સ્થાનબળ પ્રાપ્ત થાય છે.

૨૫. ગ્રહો દૃષ્ટિ દ્વારા પોતાનાં આંદોલનો મોકલે છે. મંગળ ગુરુને જોતો હોય તો ગુરુ જે જે રાશિને જોતો હોય ત્યાં મંગળના આંદોલનની અસર થાય અને એજ સિધ્ધાંત પ્રમાણે આગળ વધીને ગુરુ શનિને જોતો હોય તો શનિ જે જે ઘરને જોતો હોય ત્યાં મંગળના આંદોલનોની અસર થાય છે. આ નિયમ પર ખાસ ધ્યાન આપવું.

૨૬. સૂર્ય જ્યારે મંદી સ્થાનમાં આવે છે ત્યારે મંદી થતી અટકીને તેજી થવા લાગે છે અને જ્યારે તે મંદી સ્થાનમાંથી તેજી સ્થાનમાં આવે છે ત્યારે તેજી થતી અટકીને થોડી મંદી થવા લાગે છે.

૧૫. શનિના ઘરમાંથી ગુરુ અથવા ગુરુના ઘરમાંથી શની પસાર થાય છે. અથવા તે ગ્રહ પર દ્રષ્ટિ કરે છે ત્યારે અનુક્રમે મંદી અને તેજી થાય છે.

૧૬. શનિ જ્યારે ગુરુની દ્રષ્ટિમાં આવે છે અને તે સમયમાં જ જો મંગળ શુક્રના ઘર અગર શુક્રને યુતિ અગર દ્રષ્ટિમાં લઈ લે છે તો ક્રાઈસીસ આવે છે અને બજારો બંધ રહે છે અગર લાંબા ગાળાની મંદી આવે છે.

૧૭. ગુરુ મકર અગર કુંભનો હોય અથવા તે રાશિ પર દ્રષ્ટિ કરતો હોય ત્યારે સખત મંદી થાય છે. તેવી જ રીતે શનિ ધન અગર મીનનો હોય અથવા તે રાશિઓ પર દ્રષ્ટિ કરતો હોય ત્યારે સખત તેજી થાય છે.

૧૮. તેજીકારક ગ્રહો મંદીના ઘર જ કે ગ્રહોને દ્રષ્ટિમાં લઈ લેછે ત્યારે સખત તેજી થાય છે. તેવી જ રીતે ગુરુ તેજીકારક ગ્રહો કે ઘરને દ્રષ્ટિમાં લઈ લે છે ત્યારે સખત મંદી થાય છે.

૧૯. ગુરુ વક્રી નિર્બળ છે એટલે વક્રી ગુરુ થતાં તેજી થાય છે પણ જો તે રાશિના મધ્ય અંશ તરફ વક્રી થઈ જતો હોય તો થોડી તેજી થાય છે અને રાશિ સંક્રાંતિ તરફ જતો હોય તો ઘણી તેજી થાય છે. તે માર્ગી થતાં બળિષ્ઠ થાય છે. ત્યારે મંદીની શરૂઆત થાય છે.

૨૦ અસ્તના ગ્રહોનું રૂપ રાશિના કોઠા પ્રમાણે નિર્બળ સમજવું. આમાં સૂર્ય તેજીકારક છે એટલે મંદીકારક અસ્ત ગ્રહો નિર્બળ ગણવા અને તેજીકારક ગ્રહો બળિષ્ઠ ગણવા.

૨૧. કેન્દ્રત્રિકોણના સ્વામીઓ છઠ્ઠે, આઠમે કે બારમે હોય તો તે સ્થાનમાં તેજી થાય છે પણ પોતાના સ્થાનમાં સારી મંદી કરે છે. આ રીતે શુક્ર ઘણીવાર મોટી મંદી લાવે છે.

૨૨. કોઈપણ ગ્રહ પોતાના ઘરથી છઠ્ઠે, આઠમે કે બારમે હોય તો તેનું ફળ મળતું નથી એમ માનવું નહિ. આમાં સ્થાન બળની ગણત્રી કરવી.

૨૩. દશમું સ્થાન ઘણું મજબૂત સમજવું. તેમાંથી પસાર થતા ગ્રહનું તેજી મંદી તરફી વલણ ખાસ પકડાય છે.

૨૪. મંદી કારક ગુરુ દશમે (વૃશ્ચિક રાશિમાં) હોય ત્યારે ચંદ્ર ગુરુની રાશિ (ધન અને મીન)માંથી પસાર થતો હોય તો કુંડલીમાં મંદીકારક સ્થાનો હોવા છતાં ત્યાં સાધારણ તેજી થાય છે. આવી રીતે બીજા મંદીકારક ગ્રહોનું ફળ પોતાની રાશિ પરત્વે સમજવું. આમ થવાનું કારણ તેના માલિકને સ્થાનબળ પ્રાપ્ત થાય છે.

૨૫. ગ્રહો દૃષ્ટિ દ્વારા પોતાનાં આંદોલનો મોકલે છે. મંગળ ગુરુને જોતો હોય તો ગુરુ જે જે રાશિને જોતો હોય ત્યાં મંગળના આંદોલનની અસર થાય અને એજ સિધ્ધાંત પ્રમાણે આગળ વધીને ગુરુ શનિને જોતો હોય તો શનિ જે જે ઘરને જોતો હોય ત્યાં મંગળના આંદોલનોની અસર થાય છે. આ નિયમ પર ખાસ ધ્યાન આપવું.

૨૬. સૂર્ય જ્યારે મંદી સ્થાનમાં આવે છે ત્યારે મંદી થતી અટકીને તેજી થવા લાગે છે અને જ્યારે તે મંદી સ્થાનમાંથી તેજી સ્થાનમાં આવે છે ત્યારે તેજી થતી અટકીને થોડી મંદી થવા લાગે છે.

૨૭. વેપારી વર્ગમાં મીનનો ગુરુ તેજીકારક છે એવી માન્યતા પ્રવર્તે છે. આ વસ્તુ કેટલેક અંશે સાચી અને કેટલેક અંશે ખોટી છે. ગુરુ હંમેશાં મંદીકારક છે. તે જ્યારે લાંબા ગાળાની ચાવી નં. ૧૮ પ્રમાણે શનિના ઘરમાંથી (કુંભમાંથી) પસાર થાય છે ત્યારે રૂ બજાર એકદમ બેસી જાય છે અને જેવો ગુરુ કુંભમાંથી મીનમાં દાખલ થાય છે તેવોજ બજાર ઊંચકાય છે.

૨૮. મંગળ પાપગ્રહ છે. ગુરુ અને શનિ બંને જ્યારે મંગળ પર દૃષ્ટિ કરે છે ત્યારે તે શનિના સેનાપતિ તરીકે કામ કરે છે અને ગુરુની અસરને દબાવે છે. છતાં આ વખતે મંગળ જે રાશિમાં હોય તે રાશિ પ્રત્યે અને જ્યાં જોયો હોય તે રાશિ પ્રત્યે મંગળનો સ્વભાવ ધ્યાનમાં લેવો.

૨૯. ગુરુ કે શનિ જ્યારે મંગળને દૃષ્ટિમાં લે છે ત્યારે તેને તેના સેનાપતિ તરીકે કામ કરવું પડે છે એટલે ગુરુ મંગળને દૃષ્ટિમાં લે તો મંદી અને શનિ લે તો તેજી થાય છે.

૩૦. ગુરુ પર (શનિ મંગળ સિવાયના) કોઈ તેજીકારક ગ્રહ સાતમી દૃષ્ટિ કરે છે તો ગુરુ જે સ્થાનમાં બેઠો હોય ત્યાં અને તેના ઘરમાં નામની તેજી થાય છે. અને સાતમી દૃષ્ટિ કરનાર ગ્રહ જ્યાં હોય છે ત્યાં અને તેના ઘરમાં ગુરુની દૃષ્ટિ હોવાથી મંદી થાય છે.

૩૧. જ્યારે શનિ મંગળ કે ગુરુ મંગળની યુતિ હોય છે ત્યારે મંગળ કોઠા પ્રમાણે ફળ આપે છે અને શનિ ગુરુ પોતાની રીતે તેજી મંદી કરે છે.

૩૨. શનિ ગુરુની યુતિ તેજી કે મંદી સ્થાનમાં હોય તો દૃષ્ટિ સ્થાનો પરત્વેની ગણના કરીને લાંબા ગાળાની તેજી કે મંદી નક્કી કરવી.

૩૩. ગુરુ અસ્તનો થતાં તેની મંદી કરવાની શક્તિ ઓછી થાય છે તેથી તેટલા દિવસ સારી તેજી થાય છે.

૩૪. મંગળ દશમા સ્થાનમાંથી પસાર થાય છે ત્યારે તે સ્વગૃહી અને બળવાન બનતાં મંદીકારક સ્થાનોમાં તેજી દૃષ્ટિ હોય કે ન હોય પણ તેજી થવા માંડે છે. ખાસ કરીને મકર અને કર્ક રાશિમાં બને છે.

૩૫. ગુરુ પર જ્યારે મંગળની એક તરફી દૃષ્ટિ (એટલે કે ગુરુને મંગળ જુએ પણ મંગળને ગુરુ ન જુએ) થાય છે ત્યારે મંદી-કારક સ્થાનોમાં ખાસ કરીને મકર અને કર્ક રાશિમાં તે જોતો હોય કે ન જોતો હોય તો પણ તેજી થાય છે. ઘણી વાર સીધી પરસ્પરની દૃષ્ટિમાં પણ કર્ક અને મકરમાં ઉપરની રીતે થાય છે.

૩૬. બુધ બે પાપગ્રહ શનિ, મંગળ કે સૂર્યની–વચ્ચે આવે છે તો તે દૂષિત બની (કન્યા રાશિમાં પણ) તેજી કરે છે.

૩૭. રૂ બજારના દરેક વાયદા તેના પહેલાંના માસની ૨૧ મી તારીખે વાયદા તરીકે બંધ થાય છે; આથી વાયદાના વેપારીઓ માટે આ ૨૧ મી તારીખ અગત્યની છે. આ તારીખે બજારમાં તેજી થશે કે મંદી તે ટુંકા ગાળાની ચાવી પરથી જાણી શકાય છે. આ દિવસે જો સખત તેજી થાય તેવું લાગતું હોય તો ખેલાનો વિચાર કરવો.

૩૮. શનિની દૃષ્ટિમાંથી ગુરુ અને ગુરુની દૃષ્ટિમાંથી શનિ જ્યારે છૂટે છે ત્યારે બજારમાં એકદમ અનુક્રમે સખત મંદી (ક્રાઇસીઝ) અને સખત તેજી આવે છે. આ વખતે બજાર ટર્ન લે છે.

૩૯. શનિની દૃષ્ટિમાં જ્યારે ગુરૂ અને તેની રાશિ આવી જાય છે ત્યારે ખેલા થાય છે. આવું ખાસ કરીને મીન અને મિથુન રાશિના શનિ થતાં બને છે. વાયદાની તારીખ અગાઉ જો આ ગુરુ શનિની દૃષ્ટિમાંથી છૂટી જાય છે તો ખેલાવાળાને દેવાળું કાઢવા જેવો વખત આવે છે અને બજાર એકદમ બેસી જાય છે. આ વખતે મંગળને જોતા રહેવાની ખાસ જરૂર પડે છે.

૪૦ કન્યા અને ધનનો મંગળ હમેશાં સારી તેજી કરે છે. કારણ કે કન્યાનો મંગળ કોઠા પ્રમાણે કન્યા ધન અને મીન રાશિમાં સારી તેજી કરે છે. તેવી જ રીતે ધનનો મંગળ ધન, મીન અને કર્ક રાશિમાં સારી તેજી કરે છે. આનું કારણ મંગળ ગુરુના ઘરને દૃષ્ટિમાં લઈ લે છે.



અધ્યાય સોળમો

લાંબાગાળાની તેજી મંદીના પલટાની (ટર્નની) ચાવીઓ

તેજી પછી મંદી અને મંદી પછી તેજી ક્યારે શરૂ થાય છે તે જાણવાની વાયદાના વેપારીઓને અને રૂના વેપારીઓને ખાસ જરૂર હોય છે. આથી નીચેની ચાવીઓ ઘણી અગત્યની છે.

૧. ગુરૂ, શનિ, મંગળ અને સૂર્ય આ પલટો કરે છે. બાકીના ગ્રહો દરરોજની કે લાંબા ગાળામાં રહીને તેજી મંદી કરે છે. તેનાથી બજાર પલટો લેતો નથી.

૨. દરેક ગ્રહ ૨૯,૩૦,૧ અંશમાં આવે છે ત્યારે તેણે જે રાશિમાં રહીને અસર ઉપજાવેલી હોય છે તે બંધ થાય છે. એટલે બજારમાં આ વખતે ઉથલપાથલ થાય છે. અને બીજી રાશિમાં ૨ અંશ પર તે ગ્રહ પર આવતાં બજાર સ્થિર થાય છે. આ માટે ટૂંકા ગાળાની ચાવી નં. ૭ ને બરાબર દાખલા સાથે સમજો.

ગુરુ જ્યારે રાશિ બદલે છે એટલે કે ૨૯ થી ૧ અંશમાં પરિભ્રમણ માર્ગી કે વક્રી બની કરે છે ત્યારે તેજીનું તોફાન થવા માંડે છે. અને શનિ જ્યારે રાશિ બદલે છે એટલે કે ૨૯ થી ૧ અંશમાં પરિભ્રમણ કરે છે ત્યારે મંદી થવા લાગે છે. આવું જ પરિણામ વક્રી હતાં પણ ગણવું. ૧,૩૦,૨૯ અંશ સુધી.

